ઈસ ગિરિકા ઈક ઈક કંકર, હીરે સે મોલ હૈ બઢકર,
કોઈ ચતુર જૌહરી અગર મિલે તો, સચ્ચા મોલ કરા લું ।।૪।।
સમતા કા દ્વાર બના લું, તપ કી દીવાર ચિના લું,
જહાં રાગ દ્વેષ નહી ઘુસને પાયે, ઐસા મહેલ બના લું ।।૫।।
કાર્તિક પૂનમ દિન આવે, મન યાત્રા કો હુલસાવે,
મૈં રામ ધર્મ કા નીર સિંચકર, આતમ બાગ ખિલા લું ।।૬।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

14_

ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તન સે નિકલે...

ગિરિરાજ કી હો છાયા, મન મેં ન હોવે માયા;

તપ સે હો શુદ્ધ કાયા, જબ પ્રાણ તન સે નીકલે ॥૧॥

ઉર મેં ન માન હોવે, દિલ એકતાન હોવે;

તુમ ચરણ ધ્યાન હોવે, જબ પ્રાણ તન સે નીકલે ॥૨॥

સંસાર દુઃખ હરના, જૈનધર્મ કા હો શરણા;

હો કર્મ ભર્મ ખરણા, જબ પ્રાણ તન સે નીકલે ॥૩॥

અનશન કો સિદ્ધ વટ હો, પ્રભુ આદિ દેવ ઘટ હો;

ગુરુરાજ ભી નિકટ હો, જબ પ્રાણ તન સે નિકલે ॥૪॥

યહ દાન મુઝકો દીજે, ઇતની દયા તો કીજે;

અરજી તિલક કી લીજે, જબ પ્રાણ તન સે નિકલે ॥૫॥

15_ **પર્યુષણનું સ્તવન**

સુણજો સાજન સંત પર્યુસણ આવ્યા રે,

તમે પુણ્ય કરો પુણ્યવંત ભવિક મન ભાવ્યાં રે...

વીર જિણેસર અતિ અલવેસર, વહાલા મારા પરમેશ્વર એમ બોલે રે,

પર્વમાંહે પજુસણ મોટા, અવર ન આવે તસ તોલે રે. ॥૧॥

ચૌપદ માંહે જેમ કેસરી મોટો વા૦, ખગમાં ગરુડ કહીએ રે;

નદી માંહે જેમ ગંગા મોટી, નગમાં મેરુ લહીએ રે. ॥૨॥

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો વા૦, દેવ માંહે સુર ઇંદ્ર રે;

તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે ॥૩॥

દશેરા દીવાલી ને વળી હોળી વા૦, અખાત્રીજ દીવાસો રે;

બલેવ પ્રમુખ બહુલાં છે બીજા, પણ નહિ મુક્તિનો વાસો રે ॥૪॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે માટે તમે અમર પલાવો વા૦, અટ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અટ્ઠમ તપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજે રે ॥૫॥
ઢોલ દદામાં ભેરી ન ફેરી વા૦, કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝણકાર કરીને, ગૌરીની ટોલી મલી આવો રે ॥૬॥
સોના રૂપાને ફુલડે વધાવો વા૦, કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રુજો રે ॥૭॥
એમ અટ્ઠાઈ નો મહોત્સવ કરતાં વા૦, બહુ જીવન જગ ઉદ્ધરીયારે;
વિબુધવિમલ વર સેવક એહથી, નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિ વરિયા રે ॥૮॥

16_ **શ્રી મહાવીર સ્વામી પ્રભુનું હાલરડું**

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપા ને વળી રત્ને જડિયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુંમછુંમ રીત;
હાલો હાલો હાલો હાલો મારા નંદને. ॥૧॥
જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે;
હોશે ચોવીશમો તીર્થંકર જિન પરિમાણ;
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ હાલો ૦૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહીં હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમાં જિનરાજ હાલો ૦૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કૂખે આવ્યા તારણ તરણ જહાજ;
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુન્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ. હાલો ૦૪

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું, ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં,
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય હાલો ૦૫

કરતલ પગાતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યો જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ હાલો ૦૬

નંદન નવલા બાંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દીયર છો સુકુમાલ,
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી હુંસા દેશે ગાલ હાલો ૦૭

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો,
નંદન મામલીયાના ભાણેજ સુકુમાળ
હસશે હાથે ઉછાળી કહીને નાના ભાણેજ,
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ. હાલ ૦૮


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીઆં ઝાલર મોતી કસબી કોર;
નીલા પીળાં ને વળી રાતાં સર્વે જાતિનાં
પહેરાવશે મામી માહરા નંદ કિશોર હાલ ૦૯

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચુર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર હાલો ૧૦

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજી ને બહેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણસાઈ લાવશે,
તમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ હાલો ૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ;
સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી
મામી લાવશે રમવા નંદ તમારે કાજ હાલો ૧૨

છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવીઆ
નંદન તમને અમને કેલી ઘરની માંહી;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી હાલો ૧૩

તમને મેરુગિરિપર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખડા ઉપર વારું કોટિ કોટિ ચંદ્રમા,
વળી તન પર વારું ગ્રહગણનો સમુદાય હાલો ૧૪

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ હાલો ૧૫

નંદન નવલા મોટા થાશો ને પરણાવીશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખેસરખા વેવાઈ વેવાણોને પધારવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઈ દેદાર હાલો ૧૬

પીયર સાસર મારા બેહું પખ નંદન ઉજળા,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મારે આંગણે વુઠ્યા અમૃત દૂધે મેહુલા,
મારે આંગણે ફલીઆ સુરતરુ સુખના કંદ હાલો ૧૭

ઈણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ્ય;
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરડું
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ હાલો ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

17_

શ્રી શુભ વિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય
ભવ સત્તાવીશ વર્ણવું સુણતાં સમકિત થાય ...૧
સમકિતિ પામે જીવ ને, ભવ ગણત્રીએ ગણાય
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય ...૨
વીર જિનેશ્વર સાહીબો, ભમીયો કાળ અનંત
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત ...૩

## ઢાળ - પહેલી

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય..
ધરિયે સમકિત રંગ, જિમ પામીયે સુખ અભંગ રે પ્રાણી..૧
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોઈ
દાન દઈ ભોજન કરું રે, તો વાંછિત ફળ હોય પ્રાણી..૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ
પૂછે કેમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાર્થ વિયોગ રે પ્રાણી..૩
હરખ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ
ભોજન કરી કહે ચાલીએ રે, સાર્થ ભેળાં કરું આજ રે પ્રાણી..૪
પગવટીએ ભેળાં કર્યાં રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે પ્રાણી..૫
દેવગુરુ ઓળખાવીયા રે દીધો વિધિ નવકાર
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે પ્રાણી..૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર
પલ્યોપમ આયુ ચ્યવી રે ભરત ઘરે અવતાર રે પ્રાણી..૭
નામે મરીચિ યૌવને રે, સંયમ લીએ પ્રભુ પાસ
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે પ્રાણી..૮

## ઢાળ - બીજી

નવો વેષ રચે તિણી વેળા, વિચરે આદીશ્વર ભેળા
જળ થોડે સ્નાન વિશેષે, પગે પાવડી ભગાવે વેષે ..૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિરમુંડણને ધરે ચોટી,
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે ..૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ ..૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા ..૪
ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે,
મરીચિને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા ..૫
તમે પુણ્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો
નવિ વંદુ ત્રિદંડીક વેષ, નમું ભક્તિએ વીર જિનેશ ..૬
એમ સ્તવના કરી ઘેર જાવે, મરીચિ મન હર્ષ ન માવે,
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ ..૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ માહરું કહીશું,
નાચે કુળ મદ શું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો ..૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે,
ત્યારે વંછે ચેલો એક, તવ મળીયો કપિલ અવિવેક ..૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચિ લીયો પ્રભુ પાસે
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે ..૧૦
તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચિ એમ
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો ..૧૧
મરિચિ કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર ..૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગ સધાય
દસ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી ..૧૩

## ઢાળ - ત્રીજી

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ :
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી ..૧
કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છટ્ઠો અવતાર
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડીક વેષ ધરાય ..૨
સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મૂઓ ..૩
મધ્યસ્થિતિએ સુર સ્વર્ગ ઇશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ
લાખ છપ્પન પુર્વાયુ પૂરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ..૪
ત્રીજે સ્વર્ગ મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબી પુરી;
પૂરવ લાખ ચુમ્માળીશ આય, ભારદ્વિજ ત્રિદંડીક થાય ..૫
તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચૌદમે ભવે રાજગૃહી જાય, ચોત્રીસ લાખ પૂરવને આય ..૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને થાય
સોલમે ભવ ક્રોડ વર્ષ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય ..૭
સંભૂતિ મુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર
માસખમણ પારણે ધરી દયા, મથુરમાં ગોચરીએ ગયા ..૮
ગાયે હણ્યા મુનિ પડિયા વશા, વિશાખાનંદી પીતરીયો હસ્યા
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયન ઉછાળી ધરતી ધરી ..૯
તપબળથી હોજો બળધણી, ઈમ નિયાણું કરી મુનિ અણસણી
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા ..૧૦

## ઢાળ - ચોથી

અઢારમે ભવે સાત સુપન-સૂચિત સતી, પોતન પુરીએ પ્રજાપતિ રાણી મૃગાવતી
તસ સુત નામે ત્રિપુષ્ઠ વાસુદેવ નીપન્યા, પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા-૧
વીસમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા, તિહાંથી ચ્યવી સંસારે ભવ બહુલા થયા
બાવીસમેં નરભવ લહી પુણ્ય દશા વર્યા, ત્રેવીશમેં રાજધાની મુકાએ સંચર્યા-૨
રાય ધનંજય ધારિણી રાણીએ જનમિયા, લાખ ચોરાસી પૂરવ આયુ જીવિયા
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી, કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી-૩
મહાશુક્રે થઈ દેવ ઇણે ભરતે ચ્યવી, છત્રિકા નગરીએ જિતશત્રુ રાજવી
ભદ્રા માય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી, નંદન નામે પુત્રે દીક્ષા આચરી-૪
અગિયાર લાખને એંશી હજાર છસેં વળી ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂળી
વીશસ્થાનક માસખમણે જાવજ્જીવ સાધતાં, તીર્થંકર નામકર્મ તિહાં નિકાચતાં-૫
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા, છવ્વીસમેં ભવે પ્રાણત કલ્પે દેવતા
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે, શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો-હવે ૬

## ઢાળ - પાંચમી

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ,
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે પેટ. ..૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણૈગમેષી આય,
સિદ્ધારથ રાજા ઘરે રે ત્રિશલા કુખે છટકાય રે...ત્રિશલા ..૨
નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ,
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે...નામે· ..૩
સંસારલીલા ભોગવીરે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ
બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે..શીવ..૪
સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર
સંયમ દઈ શિવ મોકલ્યા રે, ભગવતી સુત્રે અધિકાર રે.ભગવતી..૫
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર
છત્રીશ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે...બીજો..૬
ત્રીશ વરસ પ્રભુ કેવળીરે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આવખુ રે, દીવાળીએ શિવપદ લીધ રે..દીવાળી..૭
અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે..તન ..૮
તુમ સુખ એક પ્રદેશનું રે, નવી માવે લોકાકાશ,
તો અમને સુખીયા કરો રે, અમે ધરીએ તુમારી આશ રે...અમે..૯
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે...નવિ ..૧૦
મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ
દ્રવ્યભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે...શુભ ..૧૧

કળશ

ઓગણીશ એકે વરસ છે કે, પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવેગ રંગ તરંગ ઝીલે, જશવિજય સમતા ધરો
શુભવિજય પંડિત ચરણ સેવક, વીરવિજય જયજય કરો ..૧૨

18_ **પંચકલ્યાણકનું સ્તવન**

શાસન નાયક શિવ કરણ, વંદુ વીર જિણંદ
પંચકલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ ..૧
સુણતાં થુણતાં પ્રભુ તણા, ગુણ ગિરુઆ એક તાર,
ઋદ્ધિ, વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર ..૨

ઢાળ-પહેલી

સાંભળજો સસનેહિ સયણાં, પ્રભુનું ચરિત્ર ઉલ્લાસે રે,
જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશે રે ..૧
જમ્બુદ્વીપે દક્ષિણ ભરતે, માહણકુંડ ગામે રે,
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે, ..૨
અષાઢ સુદી છઠ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા
ઉત્તરાફાલ્ગુની યોગે આવી, તસ કૂખે અવતરિયા રે, ..૩
તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે,
પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડા માંહિ હરખે રે. ..૪
ભાખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ રે
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે ..૫
ભોગ ભલા ભોગવતા વિચરે, એ હવે અચરિજ હુવે રે,
શતક્રતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે ..૬
કરી વંદનને ઇન્દ્ર સન્મુખ, સાત આઠ પગ આવે,
શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે ..૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંશય પડિયો એમ વિમાસે, જિન ચક્રી હરિ રામ,
તુચ્છ દારિદ્ર માહણકુલ નાવે, ઉગ્રભોગ વિણ ધામ રે ..૮
અંતિમ જિન માહણકુલ આવ્યા, એહ અચ્છેરુ કહીએ,
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએ રે ..૯
ઈણ અવસર્પિણી દશ અચ્છેરાં, થયાં તે કહીએ તેહ,
ગર્ભ હરણ ગોસાલા ઉપસર્ગા, નિષ્ફળ દેશના જેહ .૧૦
મૂળ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત,
એ શ્રી વીરજિનેશ્વર વારે, ઉપન્યા પંચ વિખ્યાત .૧૧
સ્ત્રી તીર્થ મલ્લિજિન વારે, શીતલને હરિવંશ,
ઋષભને અઠોત્તરસો સિધ્યા, સુવિધિ અસંયતિ શંસ રે ..૧૨
શંખ શબ્દ મિલીયા હરિ હરસ્યુ, નેમિસરને વારે
તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારે રે ..૧૩

## ઢાળ બીજી

ભવ સત્તાવીશ સ્થૂલમાંહિ ત્રીજે ભવે,
મરીચી કીયો કુલનો મદ ભરત યદા સ્તવે
નીચ ગોત્રકર્મ બાંધ્યું તિહાં તે થકી,
અવતરીયા માહણકુલ અંતિમ જિનપતિ ..૧
અતિ અઘટતું એહ થયું થાશે નહી,
જે પ્રસવે જિન ચક્રી નીચ કુલે નહી
ઇહાં મારો આચાર ધરું ઉત્તમ કુલે,
હરિણૈગમેષી દેવ તેડાવે એટલે ..૨
કહે માહણકુંડ નયરે જઈ ઉચિત કરો,
દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયર ક્ષત્રિયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની ..૩
ત્રિશલા ગર્ભ લઈને ધરો માહણી ઉરે,
બ્યાસી રાત વસીને કહ્યું, તિમ સુર કરે
માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યાં,
ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યાં ..૪
હાથી વૃષભ સિંહ, લક્ષ્મી માલા સુંદરું,
શશી રવિ ધ્વજ કુંભ પદ્મસરોવર સાગરું,
દેવ વિમાન રયણપુંજ અગ્નિ વિમલે,
હવે દેખે ત્રિશલા એહ કે પિયુને વિનવે ..૫
હરખ્યો રાય સુપન પાઠક તેડાવીયા
રાજભોગ સુતફલ સુણી તે વધાવિયા
ત્રિશલા રાણી વિધિશું ગર્ભ સુખે વહે,
માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે ..૬
માય ધરે દુ:ખ જોર, વિલાપ ઘણુ કરે
કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે,
ગર્ભ હર્યો મુજ કોણ હવે કેમ પામીએ,
દુ:ખનું કારણ જાણી વિચાર્યું સ્વામીએ ..૭
અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમેં
અણદીઠે દુ:ખ એવડો ઉપાયો પલક મેં
તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું,
માતા પિતા જીવતાં હું સંયમ નવિ ગ્રહું ..૮
કરુણા આણી અંગ હલાવ્યું જિનપતિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલી ત્રિશલા માતા હૈયે ઘણું હિસતી
અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલવલ્યો
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરુ જીમ ફળ્યો ..૯
સખીય કહે શિખામણ સ્વામિની સાંભળો,
હળવે હળવે બોલો હસો રંગે ચલો,
ઈમ આનંદે વિચરતા દોહલા પુરતા,
નવ મહિના ને સાડા સાત દિવસ થતા .૧૦
ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા,
જોગે જન્મ્યા વીર કે તવ વિકસી ધરા,
ત્રિભુવન થયો રે ઉદ્યોત કે રંગ વધામણાં,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા ..૧૧
આવી છપ્પન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે,
ચલ્યું રે સિંહાસન ઇન્દ્ર કે ઘંટા રણઝણે
મળી સુરની કોડ કે સુરવર આવીયો
પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો .૧૨
એક કોડ સાઠ લાખ કળશ જળ શું ભર્યા
કિમ સહેશે લઘુ વીર કે ઇન્દ્ર સંશય ધર્યા
પ્રભુ અંગુઠે મેરુ ચાંપ્યો, અતિ ગડગડે
ગડગડે પૃથ્વીલોક જગતના લડથડે .૧૩
અનંત બળી પ્રભુ જાણી ઇન્દ્રે ખમાવીયા
ચાર વૃષભના રુપ કરી જળ નામીઓ
પૂજી અર્ચી પ્રભુને માય પાસ ધરે,
ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે રે ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઢાળ-ત્રીજી

કરી મહોત્સવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્ધમાન
દિન દિન વાધે પ્રભુ સુરતરુ જીમ, રુપ કલા અસમાન રે હમચડી ..૧
એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જાવે,
ઇન્દ્રમુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવે રે ..૨
અહિરુપે વિંટાણો તરું શું, પ્રભુએ નાંખ્યો ઉછાળી
સાત તાડનું રુપ કર્યું તવ, મુઠે નાંખ્યો વાળી રે ..૩
પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર
જેવો ઇન્દ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીર રે, ..૪
માતા પિતા નિશાળે મૂકે, આઠ વરસના જાણી,
ઇન્દ્રતણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી રે ..૫
અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી,
અઠ્ઠાવીશ વરસે પ્રભુના, માતા પિતા નિર્વાણી રે ..૬
દોય વરસ ભાઈ ને આગ્રહે, પ્રભુ ઘરવાસે વસીયા,
ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયા રે ..૭
એક ક્રોડ આઠ લાખ સોનૈયા, દિન દિન પ્રભુજી આપે,
ઇમ સંવત્સરીદાન દેઈ ને, જગના દારિદ્ર કાપે રે ..૮
છાંડ્યાં રાજ અંતેઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી,
મૃગશીર વદી દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે, ..૯
ચઉનાણી તિણ દિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાંઝેરા,
ચીવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરી રે ..૧૦
ઘોર પરિષહ સાડા બારે, વરસ જે જે સહીયા
ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાયે કહીયા રે ..૧૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શૂલપાણિ ને સંગમ દેવ, ચંડકોશિ ગોશાળે,
દીધું દુ:ખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાળે રે ..૧૨
કાને ગોપે ખીલા માર્યા, કાઢંતા મૂકી રાટી,
જે સાંભળતા ત્રિભુવન કંપ્યા, પર્વતશીલા ફાટી રે ..૧૩
તે તે દુષ્ટ સહુ ઉદ્ધરીયા, પ્રભુજી પરમ ઉપગારી,
અડદ તણા બાકુલા લઈને, ચંદનબાળા તારી રે, ..૧૪
દોય છ માસી નવ ચઉમાસી, અઢીમાસી, ત્રણ માસી,
દોઢમાસી બે બે કીધા, છ કીધા બે માસી રે ..૧૫
બાર માસને પખ બહોંતેર, છઠ્ઠ બસેં ઓગણત્રીસ વખાણું,
બાર અઠ્ઠમ ભદ્રાદિ પ્રતિમા, દિન દોય ચાર દશ જાણું રે ..૧૬
ઈમ તપ કીધા બારે વરસે, વિણ પાણી ઉલ્લાસે,
તેમાં પારણા પ્રભુજીએ કીધા, ત્રણસે ઓગણપચાસ રે ..૧૭
કર્મ ખપાવી વૈશાખ માસે, સુદ દશમી શુભ જાણ,
ઉત્તરાયોગે શાલિવૃક્ષ તળે, પામ્યા કેવળનાણ રે ..૧૮
ઈન્દ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી,
સાધૂ સાધ્વી, શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે. ..૧૯
ચઉદ સહસ અણગાર સાધ્વી, સહસ છત્રીશ કહીજે
એક લાખ ને સહસ ઓગણ સાઠે, શ્રાવક શુદ્ધ લહીજે રે. ..૨૦
તીન લાખ અઢાર સહસ વળી, શ્રાવિકા સંખ્યા જાણી,
ત્રણસેં ચૌદ પૂર્વધારી, તેરસેં ઓહિનાણી રે ..૨૧
સાત સયા તે કેવલનાણી, લબ્ધિધારી પણ તેતા
વિપુલમતિયા પાંચશે કહીયા, ચારશેં વાદી જીત્યારે ..૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતસેં અંતેવાસી સીદ્યા, સાધ્વી ચૌદશેં સાર,
દિન દિન તેજ સવાયે દીપે, પ્રભુજીનો પરિવાર રે ..૨૩
ત્રીશ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે
ત્રીશ વરસ કેવલ બેંતાલીશ, વરસ તે સમણા મધ્યે રે ..૨૪
વરસ બહોંતેર કેરું આયું, વીર જિણંદનું જાણો,
દિવાલી દિન સ્વાતી નક્ષત્રે, પ્રભુજીનું નિર્વાણ રે. ..૨૫
પંચકલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે
સંઘ તણા આગ્રહે હરખ ભરીને, સુરત રહી ચોમાસું રે ..૨૬

કળશ

ઇમ ચરમ જિનવર, સયલ સુખકર થુણ્યો અતિ ઉલટી ધરી,
અષાઢ ઉજ્જવલ પાંચમી દિન, સંવત સત્તર ત્રિહોતરે,
વિમલ વિજય ઉવજ્ઝાય પદકજ ભ્રમર સમ શુભ શિષ્ય એ
રામ વિજય જિનવર નામે, લહે અધિક જગીશ એ... ..૨૭

## ઉપયોગી સજ્ઝાય

### 1_ સ્વાર્થ કે સાથી

જગત હૈ સ્વાર્થ કા સાથી, સમજ લે કૌન હૈ અપના
યે કાયા કાચ કા કુંભા, નાહક તું દેખકે ફુલતા
પલક મેં ફુટ જાવેગા, પત્તા જ્યું ડાલ સે ગીરતા...૧
મનુષ્ય કી ઐસી જિંદગાની, અભી તું ચેત અભિમાની
જીવન કા ક્યા ભરોસા હૈ, કરી લે ધર્મ કી કરની...૨
ખજાના માલ ને મંદિર, કયોં કહેતા મેરા મેરા તું
ઇહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ કુછ તેરા...૩


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા
નીકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા...૪
તરે સંસાર સાગર કો, જપે જો નામ જિનવરકો
કહે ખાન્તિ યહી પ્રાણી, હટાવે કર્મ જંજીર કો...૫

2_ **સંસાર સ્વરુપ**

હૈ દો દિન કા જગ મેલા, સબ ચલા ચલી કા ખેલા
કોઈ ચલા ગયા કોઈ જાવે, કોઈ ગઠડી બાંધા સિધાવેજી
કોઈ ખડા તૈયાર અકેલા ...૧
કર કપટ છળ માયા, ધન લાખ કરોડ કમાયાજી
સંગ ચલે ન એક અધેલા ...૨
સુત નાર માત પિત ભાઈ, કોઈ અન્ત સહાયક નાહીજી
ક્યો ભરે પાપ કા થેલા ...3
તું કહેતા ધન ઘર મેરા, યહા કોઈ નહી હૈ તેરાજી
યે ચૌરાસી કા ફેરા ...૪
યહ નશ્વર સબ સંસાર, કર ભજન પ્રભુકા પ્યારાજી
કહે હિતવિજય સુન ચેલા ...૫

3_ **અવસર**

અવસર બેર બેર નહિ આવે
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જન્મ જન્મ સુખ પાવે ૧
તન ધન જોબન સબ હી ઝુઠો, પ્રાણ પલક મેં જાવે ૨
તન છુટે ધન કૌન કામ કો, કાહેકું કૃપણ કહાવે 3
જાકે દિલ મેં સાચ બસત હૈ, તાકું જુઠ ન ભાવે ૪
આનંદઘન પ્રભુ ચલત પંથ મેં, સમર સમર ગુણ ગાવે ૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

4_ **સબ મિટ્ટી**

ક્યા તન માંજતા રે એક દિન મિટ્ટિ મેં મિલ જાના,
મિટ્ટિ મેં મિલ જાના બંદે, ખાક મેં ખપ જાના ..૧
મિટ્ટિયા ચુન ચુન મહેલ બંધાયે, બંદા કહે ઘર મેરા,
એક દિન બંદે ઉઠ ચલેંગે, ઈહ ઘર મેરા ન તેરા ..૨
મિટ્ટિયા ઓઢણ મિટ્ટિયા બિછાવણ, મિટ્ટિ કા શીરાણા
ઈસ મિટ્ટિયા કા એક ભૂત બનાયે, અમર જાલ લોભાણા ..૩
મિટ્ટિયા કહે કુંભાર ને રે, તું ક્યા જાણે મોય
એક દિન એસા આવેંગે પ્યારે, મેં ભુંજુગી તોય ..૪
લકડી કહે સુતાર ને, તું નવિ જાણે મોય
એક દિન એસા આવેંગે પ્યારે, મેં ભુંજુગી તોય ..૫
તન કા અભિમાન કરત હૈ સો તો સબ હી વિનાશી
અબ તો સોચ કરલે બંદે, આખિર ક્યા લે જાસી ..૬
ક્યા તનકા તૂં કરત ભરોસા, ધર્મ કરના લય લાઈ
ધર્મસે સુખસંપતિ મિલેગી, સર્વ મિલે ઠકુરાઈ ..૭
દાન શિયલ તપ ભાવના, શિવપુર મારગ ચાર
આનંદઘન કહે ચેત લો ભાઈ, આખિર જાના ગમાર ..૮

5_ **વૈરાગ્ય**

ચેત ચેત ચેત પ્રાણી, શ્રાવક કુલ પાયો
ચિંતામણીસે દુર્લભ ઐસો, મનુષ્ય જન્મ પાયો ..૧
માયામાં મગન થઈ, સારો જનમ ખોયો;
સુગુરુ વચન નિર્મલ નીરે, પાપ મેલ ન ધોયો ..૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષણ ક્ષણ ઘટત આયુ, જ્યું અંજલી જલમાંહિ;
યૌવન ધન માલ મિલકર, સ્થિર ન રહેશે કાંઈ ..૩
પરનારી કે પ્રસંગ મેં, રાત દિવસ રાચ્યો;
અજ્ઞાની જીવ જાણે નહી, શીયલ રત્ન સાચો. ..૪
અબ તો દેવગરુ ધર્મ, ભાવ ભક્તિ કીજે,
ઉદયરત્ન કહે તીન રત્ન, યત્ન કરી લીજે. ..૫

6_ (રાગ : દયાસિન્ધુ)

મોંઘેરો દેહ આ પામી, જુવાની જોરમાં જામી;
ભજયા ભાવે ના જગસ્વામી, વધારો શું કર્યો સારો ॥૧॥
પડીને શોખમાં પૂરાં, બની શૃંગારમાં શૂરા;
કર્યાં કૃત્યો બહુ બુરા, પછી ત્યાં શી રીતે વારો ॥૨॥
ભલાઈ ના જરા લીધી, સુપાત્રે પાઈ ના દીધી
કમાણી ના ખરી કીધી, કહો કેમ આવશે આરો ॥૩॥
ગુમાને જીંદગી ગાળી, ન આણા વીરની પાલી;
જશો અંતે અરે ખાલી, લઈ ભલા પાપનો ભારો ॥૪॥
નકામા શોખને ત્યાગો, કરો ઉપકારના કામો;
અચલ રાખો રુડા નામો, વિવેકી વાત વિચારો ॥૫॥
સદા જિનધર્મ ધરજો, ગુરુભક્તિ સદા કરજો;
ચિદાનંદ સુખને વરજો, વિવેકી મુક્તિને વરજો ॥૬॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7_ **બાલમુનિ અઈમુત્તા** (રાગઃ દીન દુઃખીયાનો)

સંયમ રંગે રંગ્યું જીવન, નાનો બાલકુમાર

વંદો અઈમુત્તા અણગાર...

ગૌતમસ્વામી ગોચરી જાવે, નાના બાલકને મન ભાવે
પ્રેમ થકી નિજ ઘર બોલાવે, ભાવધરી મોદક વહોરાવે
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર ..૧
મન ઇચ્છા એ પૂરણ કીધી, માત પિતાની આજ્ઞા લીધી
રાજ તણી ઋદ્ધિ ને છોડી ગૌતમ પાસે દીક્ષા લીધી
રહે ઉમંગે ગુરુની પાસે, વહેતા સંયમભાર ..૨
તલાવડી જલની એક આવી, બાલમુનિને મન બહુ ભાવી
પાત્રતણી નૌકા ખેલાવી, ગુરુ દેખીને લજ્જા આવી
અણઘટતું કારજ કીધું તે, પામ્યા ક્ષોભ અપાર ..૩
સમવસરણમાં પ્રભુજી સામે, ઇરિયાવહી પડિક્કમી પ્રમાણે
ચાર કર્મની ગતિ વિચારે, કેવલજ્ઞાન તિંહા મુનિ પામે
દેવદેવી સહુ ઉત્સવ કરતા, વરતે જય જયકાર ..૪
ક્ષણમાં સઘલા કર્મ ખપાવ્યા, એવા અઈમત્તા મુનિરાય
ભવ્ય જીવો ને બોધ પમાડી, અંતે મુક્તિપુરી સિધાય
જ્ઞાનવિમલ કહે મુનીને વંદો, થાય બેડો પાર. ..૫

8_ **ધર્મ દૃઢતા**

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી,
કેવા વ્રતધારી આગે થયા નરનારી રે;
થયા નરનારી તેને વંદના હમારી જુઓ ૦૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ જુઓ જંબુસ્વામી, બાલ વયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી જુઓ ૦૨
ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધૂણી;
અડગ રહ્યાં તે ધ્યાને, ડગ્યા ના લગારી જુઓ ૦૩
કોશ્યાના મંદિર મધ્યે, રહ્યાં મુનિ સ્થૂલિભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી જુઓ ૦૪
સતી તે રાજુલનારી જગમાં ન જોડી એની;
પતિવ્રતા કાજે કન્યા, રહી તે કુંવારી જુઓ ૦૫
જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણુ કષ્ટ વેઠ્યું તોયે, ડગ્યા ના લગારી જુઓ ૦૬
વિજયશેઠ ને વિજયાનારી, કચ્છદેશે બ્રહ્મચારી;
કેવલીએ શીલ વખાણ્યું, સંયમે ચિત્ત આણ્યું જુઓ ૦૭
સુદર્શન ને અભયારાણીએ, ઉપસર્ગ કીધો ભારી;
શૂળીનું સિંહાસન થયું, સંયમે મનડું વાલી જુઓ ૦૮
ધન્ય ધન્ય નરનારી, એવી દૃઢ ટેક ધારી;
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી જુઓ ૦૯
એવું જાણી સુજ્ઞજનો, એવા ઉત્તમ આપ બનો;
વીરવિજય ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી જુઓ ૧૦

## 9 આપ સ્વભાવ

આપ સ્વભાવમાં રે, અવધૂ સદા મગન મેં રહેના;
જગત જીવ હૈ કરમાધીના, અચરિજ કછુઅ ન લીના ૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમ નહિ કેરા કોઈ નહિ તેરા, ક્યા કરે મેરા મેરા;
તેરા હૈ સો તેરી પાસે, અવર સબ અનેરા ૦૨
વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી ૦૩
રાગ ને રીસા દોય ખવિસા, એ તુમ દુઃખકા દીસા
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તૂમ જગકા ઈશા ૦૪
પરકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાસા
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા ૦૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી ૦૬
શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંક કુ દૂર નિવારી, જીવ વરે શિવનારી ૦૭

10_ **એકત્વ ભાવના**

સગુ તારું કોણ સાચું રે સંસારિયામાં
પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહી ધાયો
ડાહ્યો થઈને તું દબાયો રે સંસારિયામાં ..૧
કુડું કુડું હેત કીધું, તેને સાચું માની લીધું
અંતકાલે દુઃખ દીધુ રે સંસારિયામાં ..૨
વિશ્વાસે વહાલા કીધા, પિયાલા ઝેર ના પીધા
પ્રભુ ને વિસારી દીધા રે સંસારિયામાં ..૩
મનગમતાં માં મહાલ્યો, ચોર ને મારગ ચાલ્યો
પાપીઓને સંગ ઝાલ્યો રે સંસારિયામાં ..૪


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ બોલ્યો મીઠી વાણી, ધન કીધુ ધુલ ધાણી
જીતી બાજી ગયો હારી રે સંસારિયામાં ..૫
ઘર ને ધંધે ઘેરી લીધો, કામિનીએ વશ કીધો
ઋષભદાસ કહે દગો દીધો રે સંસારિયામાં ..૬

## 11_ સાધુ મહિમા

અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગત સહુ જોઈ
સમરસ ભાવ ભલા ચિત્તે જાકે, થાપ ઉત્થાપ ન હોઈ
અવિનાશી કે ઘરકી બાતાં, જોનેંગે જો નર સોઈ ૦૧
રાય રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણકો નહિ પરિચય, તે શિવમંદિર દેખે ૦૨
નિન્દા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે
તે જગમેં જોગીશ્વર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે ૦૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર સમ ગંભીરા;
અપ્રમત ભારંડ પરે નિત્થ, સુરગિરિ સમ શુચિ ધીરા ૦૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જીમ ન્યારા;
ચિદાનન્દ ઐસા જન ઉત્તમ, સો સાહિબ કા પ્યારા ૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રાઈ મુહપત્તિની વિધિ

- ખમા. ઈરિયાવહિયં-તસ્સઉત્તરી-અન્નત્થ, ૧ લોગસ્સ કાઉસ્સગ્ગ-પ્રગટ લોગસ્સ.
- ખમા. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, બે વાંદણા - અવગ્રહથી બહાર નીકળી
- ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈઅં આલોઉં ? ઈચ્છં આલોએમિ જોમે રાઈઓ અઈઆરો...સૂત્ર
- સવ્વસ્સવિ...સૂત્ર

  પદસ્થહોય તો બે વાંદણા (મુનિ હોય તો એક ખમાસમણું)
- ઈચ્છકાર સુહરાઈ...સૂત્ર
- અબ્ભુટ્ઠિઓ...સૂત્ર
- બે વાંદણા...અવગ્રહથી બહાર નીકળી
- ઈચ્છકારી ભગવન્ પસાયકરી પચ્ચકખાણનો આદેશ દેશોજી
- ખમા. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુવેલ સંદિસાહું ? ઈચ્છં
- ખમા. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુવેલ કરશું ? ઈચ્છં

  ખમા. અવધિ આશાતના મિચ્છામિ દુક્કડં

  (બધા ગુરુ ભગવંતોને વંદન કરવા)

1_

## વાંદણા સૂત્ર

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ

અણુજાણહ મે મિઉગ્ગહં નિસીહિ અહો-કાયં, કાય સંફાસં,

ખમણિજ્જો ભે ! કિલામો, અપ્પકિલંતાણં બહુસુભેણ ભે !

રાઈઅ વઈક્કંતા જત્તા ભે ! જવણિજ્જં ચ ભે !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખામેમિ ખમાસમણો રાઈઅં વઈક્કમં, આવસ્સિઆએ
પડિક્કમામિ, ખમાસમણાણં રાઈઆએ આસાયણાએ
તિત્તીસન્ન્યરાએ, જં કિંચિ મિચ્છાએ મણ દુક્કડાએ વય
દુક્કડાએ કાય દુક્કડાએ કોહાએ, માણાએ, માયાએ લોભાએ,
સવ્વકાલિઆએ સવ્વમિચ્છોવયારાએ સવ્વધમ્માઈક્કમણાએ,
આસાયણાએ જો મે અઈયારો કઓ તસ્સ ખમાસમણો !
પડિક્કમામિ, નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ

## 8_ રાઈઅં આલોઉં સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! રાઈઅં આલોઉં ? ઈચ્છં,
આલોએમિ જો મે રાઈઓ અઈયારો કઓ
કાઈઓ, વાઈઓ, માણસિઓ, ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો,
અકરણિજ્જો દુજ્ઝાયો, દુવ્વિચિંતિઓ, અણાયારો,
અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો, નાણે, દંસણે,
ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં,
ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં તિણ્હં ગુણવ્વયાણં
ચઉણ્હં સિક્ખાવયાણં બારસવિહસ્સ સાવગ-ધમ્મસ્સ,
જં ખંડિઅં, જં વિરાહિઅં, તસ્સ મિચ્છામિ દુક્કડં.

## 9_ સવ્વસ્સ વિ સૂત્ર

સવ્વસ્સ વિ રાઈઅ (દેવસિઅ) દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ,
દુચ્ચિટ્ઠિઅ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ?
(ગુરુ-પડિક્કમેહ) ઈચ્છં, તસ્સ મિચ્છામિ દુક્કડં ।


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

10_ **ઈચ્છકાર સુહરાઈ સૂત્ર**

ઈચ્છકાર સુહ-રાઈ (સુહદેવસિ)

સુખતપ શરીર નિરાબાધ. સુખસંજમ જાત્રા નિર્વહો છો જી ?

સ્વામી શાતા છે જી ? ભાત પાણી નો લાભ દેજોજી

11_ **અબ્ભુટ્ઠિઓ સૂત્ર**

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !

અબ્ભુટ્ઠિઓ મિ અબ્ભિંતર રાઈયં ખામેઉં ?

ઇચ્છં, ખામેમિ રાઈઅં.

જં કિંચિ અપત્તિયં પરપત્તિયં, ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે,

આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતર-ભાસાએ.

ઉવરિ ભાસાએ, જં કિંચિ, મજ્ઝ વિણય - પરિહીણં

સુહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ, અહં ન જાણામિ

તસ્સ મિચ્છામિ દુક્કડં

12_ **ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ**

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ; ચઉવ્વિહં-પિ આહારં

અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં,

સહસા-ગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં,

સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

13_ **તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ**

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ; તિવિહં પિ આહારં

અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયા-ગારેણં
પાણહાર પોરિસિં, સાડ્ઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ,
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,
પાણસ્સ, લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા;
સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ (વોસિરામિ)

## 14_ આયંબિલ-નિવિ, એકાસણું, બેસણું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં (સૂરે
ઉગ્ગએ પુરિમડ્ઢ અવડ્ઢ) મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ
ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહં પિ આહાર; અસણં, પાણં, ખાઈમં, સાઈમં,
અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં,
સાહુવયણેણં મહત્તરાગારેણ, સવ્વસમાહિવત્તિયાગારેણં
આયંબિલ-નિવિ વિગઈઓ-પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં,
સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્ત વિવેગેણં, પડુચ્ચમક્ખિએણં
પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ-સમાહિવત્તિયાગારેણં,
એકાસણં-બેઆસણં, પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં અસણં, ખાઈમં,
સાઈમં, અન્નત્થણાભોગેણ, સહસાગારેણં, પરિટ્ઠાવણિયાગારેણં,
મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં,
પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા
સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સવારની બહુપડિપુન્ના પોરિસિ વિધિ

- પાદોનપોરિસી લગભગ સવારે ૯.૦૦ વાગે કરવાની હોય છે.
- ખમા. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુપડિપુન્ના પોરસિ ? (ગુરુદેવ – તહત્તિ) ઈચ્છં
- ખામા. – ઈરિયાવહિયં – તસ્સ – અન્ત્થ – ૧ લોગસ્સ કાઉસ્સગ્ગ – પ્રગટ લોગસ્સ
- ખમા. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરું ? ઈચ્છં (૫૦ બોલથી મુહપત્તિ પડિલેહણ કરવી)

## પચ્ચક્ખાણ પારવાની વિધિ

ખમાસમણ – ઈરિયાવહિયં – તસ્સઉત્તરી – અન્ત્થ – ૧ લોગસ્સ નો કાઉસ્સગ્ગ – પ્રગટ લોગસ્સ

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઈચ્છં

જગચિંતામણિ ! જગનાહ ! જગગુરુ, જગરક્ખણ !
જગબંધવ ! જગસત્થવાહ ! જગભાવવિઅક્ખણ !
અટ્ઠાવય-સંઠવિઅ-રૂવ ! કમ્મટ્ઠ – વિણાસણ !
ચઉવીસંપિ જિણવર ! જયંતુ અપ્પડિહય-સાસણ ! ॥૧॥

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમસંઘયણિ
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ,
નવ કોડિહિં કેવલીણ, કોડિ સહસ્સ નવ સાહુ ગમ્મઈ,
સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ;
સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ ॥૨॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયઉ સામિય ! જયઉ સામિય ! રિસહ ! સત્તુંજિ;
ઉજ્જિંજતિ પહુનેમિજિણ, જયઉ વીર ! સચ્ચઉરિ મંડણ;
ભરુઅચ્છહિં મુણિસુવ્વય ! મુહરિ પાસ દુહ-દુરિઅ ખંડણ,
અવર વિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિં કેવિ
તીઆણાગય-સંપઈય, વંદુ જિણ સવ્વે વિ ।।૩।।
સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન અટ્ઠકોડીઓ
બત્તિસ-સય બાસિયાઈં, તિઅલોએ ચેઈઅ વંદે ।।૪।।
પન્નરસ કોડિ સયાઈં, કોડિ બાયાલ લક્ખ અડવન્ના;
છત્તીસ સહસ અસઈં, સાસય બિંબાઈં પણમામિ ।પ।।

જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસ્સે લોએ;
જાઈં જિણ-બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ।।૧।।

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ।।૧।। આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં ।।૨।। પુરિસુત્તમાણં, પુરિસ-સીહાણં પુરિસવર પુંડરીયાણં પુરિસ-વરગંધહત્થીણં ।।૩।। લોગુત્તમાણં, લોગનાહાણં, લોગ-હિઆણં, લોગ-પઈવાણં, લોગપજ્જોઅગરાણં ।।૪।। અભય-દયાણં, ચક્ખુ-દયાણં, મગ્ગ-દયાણં, સરણ-દયાણં, બોહિ-દયાણં ।।પ।। ધમ્મ-દયાણં, ધમ્મ-દેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મ-સારહીણં, ધમ્મ-વર-ચાઉરંત-ચક્કવટ્ટીણં ।।૬।। અપ્પડિહય-વરનાણંદંસણધરાણં, વિયટ્ટછઉમાણં ।।૭।। જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ।।૮।। સવ્વન્નૂણં સવ્વદરિસીણં સિવ મયલ મરુઅ મણંત-મક્ખય-મવ્વાબાહ મપુણરાવિત્તિ, સિદ્ધિગઈ-નામધેયં; ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅ-ભયાણં ।।૯।।


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે;
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

જાવંતિ ચેઈઆઈં, ઉઢ્ઢે અ અહે એ તિરિઅલોએ અ;
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં

ઈચ્છામિ ખમાસમણો - વંદિઉં જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ ॥૧॥

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય-મહાવિદેહ અ;
સવ્વેસિં તેસિં પણઓ તિવિહેણ તિદંડ વિરયાણં

## નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મ ઘણ મુક્કં;
વિસહર વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ॥૧॥
વિસહર ફુલ્લિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ॥૩॥
તુહ સમ્મતે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥
ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિયએણ;
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ॥૫॥

(બે હાથ છીપની જેમ જોડી)

જય વીયરાય ! જયગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગાણુ-સારિઆ ઈટ્ઠફલ-સિદ્ધિ ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોગ-વિરુદ્ધચ્ચાઓ, ગુરુજણ-પૂઆ પરત્થકરણં ચ;
સુહગુરુ જોગો તવ્વયણસેવણા આભવમખંડા ॥૨॥

(હાથ નીચે કરવા)

વારિજ્જઈ જઈ વિ નિયાણ બંધણં વીયરાય ! તુહ સમયે;
તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥
દુક્ખ-ક્ખઓ કમ્મ-ક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ-કરણેણં ॥૪॥
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;
પ્રધાનં સર્વ ધર્માણામ્, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥
ખમા.ઈચ્છા કારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરું ? ઈચ્છં...

(નવકાર બોલીને સજ્ઝાય બોલવી)

મન્નહ જિનાણં આણં મિચ્છં પરિહરહ ધરહ સમ્મતં
છવ્વિહ આવસ્સયમ્મિ, ઉજ્જુતો હોઈ પઈદિવસં ॥૧॥
પવ્વેસુ પોસહવયં દાણં સીલં તવો અ ભાવો અ,
સજ્ઝાય નમુક્કારો પરોવયારો અ જયણા અ ॥૨॥
જિણપૂઆ જિણથુણણં, ગુરુથુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં
વવહારસ્સ ય સુદ્ધિ રહજત્તા તિત્થજત્તા ય ॥૩॥
ઉવસમ વિવેગ સંવર, ભાસા સમિઈ છ જીવ કરુણાય
ધમ્મિઅ-જણ-સંસગ્ગો, કરણ-દમો ચરણ-પરિણામો ॥૪॥
સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિત્થે
સટ્ઠાણ કિચ્ચમેઅં નિચ્ચં સુગુરુવએસેણં ॥૫॥


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

♦ ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં
♦ ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચક્ખાણ પારું ? યથાશક્તિ
♦ ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પચ્ચક્ખાણ પાર્યું ? તહત્તિ

(બોલી જમણા હાથની મુઠ્ઠી ચરવલા ઉપર મુકી નવકાર બોલી પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર બોલવું.)

## પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર

### તિવિહાર ઉપવાસવાળા માટે

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસિ સાઢપોરિસિ, પુરિમડ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં, સોહિઅં તિરિઅં કિટ્ટિઅં આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં ।

### આયંબિલ-નિવિ-એકાસણાવાળા માટે

ઉગ્ગએ સૂરે નમુક્કારસંહિઅં પોરિસિ સાઢપોરિસિ
પુરિમડ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, આયંબિલ
નિવિ-એકાસણં પચ્ચક્ખાણ કર્યું તિવિહાર
પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં, સોહિઅં તિરિઅં કિટ્ટિઅં
આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં ॥

### આહાર વિધિ

♦ ઉપાશ્રયથી નિકળતાં "આવસ્સહિ" ત્રણ વાર બોલવું.
♦ ભોજન ગૃહમાં પ્રવેશતાં "જયણા મંગલમ્" બોલવું
♦ ઇરિયાવહિયં કરી કાજો લઈ - પછી ફરી ઈરિયાવહિયં થાળી આદિ પડિલેહવું,
અશુદ્ધવસ્ત્ર પહેરી પુંજી વાપરવા બેસવું
♦ ત્રણ નવકાર ગણીને વાપરવું


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- એંઠા મોઢે બોલવું નહિ, સમદ્રષ્ટિથી આહાર લેવો
- વાપર્યા પછી તિવિહાર - મુઠ્ઠસીનું પચ્ચક્ખાણ લેવું
- ઉપાશ્રયમાં "નિસિહિ" બોલી પ્રવેશ કરી શુદ્ધવસ્ત્ર પહેરવા
- ખમા. ઇરિયાવહિયં-તસ્સઉત્તરી-અન્નત્થ, ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ
- પ્રગટ લોગસ્સ-ગમણાગમણે સૂત્ર બોલી જગચિંતામણી થી જયવિયરાય સુધી (પેજ:૭૭ થી ૮૦) ચૈત્યવંદન કરવું

## તિવિહાર પચ્ચકખાણ

દિવસચરિમં પચ્ચક્ખામિ; તિવિહં પિ આહારં અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## મુઠ્ઠસિ પચ્ચક્ખાણ

મુઠ્ઠીસહિયં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## મુઠ્ઠસિ પારવાનું સૂત્ર

મુઠ્ઠીસહિયં પચ્ચક્ખાણં ફાસિઅં પાલિયં સોહિયં, તીરિઅં, કિટ્ટિઅં આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં

## માત્રુ સ્થંડિલ વિધિ

- અશુદ્ધ વસ્ત્રમાં જવું. કામળી કાળમાં કામળી ઓઢીને જવું.
- માત્રુ અને સ્થંડિલ શુદ્ધ ભૂમિ ઉપર કરવું.
- માત્રુ પરઠવતા કે સ્થંડિલ બેસતાં "અણુજાણહ જસ્સુગ્ગહો" બોલવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- માત્રુ પરઠવયા પછી કે સ્થંડિલ ગયા પછી "વોસિરે" બોલવું (પ્યાલા ધોવાની જરૂરત નથી)
- ઉપાશ્રયમાં આવી શુદ્ધ વસ્ત્ર પહેરી ઇરિયાવહિયં કરી "ગમણાગમણે" ની વિધિ કરવી.

## પાણી સંબંધી વિધિ

- માટલામાં પાણી ભરતા પહેલા તેનું પડિલેહણ કરવું.
- પાણીનો કાળ જાણી અલગ-અલગ માટલામાં ભરવું.
  ચોમાસામાં ત્રણ પ્રહરનો કાળ હોય છે. (પ્રાય: ૯ કલાક)
  શીયાળામાં ચાર પ્રહરનો કાળ હોય છે. (પ્રાય: ૧૨ કલાક)
  ઉનાળામાં પાંચ પ્રહરનો કાળ હોય છે. (પ્રાય: ૧૫ કલાક)
- રાત્રે પાણી રાખવા માટે સ્વચ્છ વાસણમાં પાણી કાઢવું અને તેમાં "ચૂનો" છાસની આસ થાય તેટલો નાંખવો
- ચૂનો નાખ્યા પછી ૭૨ કલાક (૨૪ પ્રહર) પાણી અચિત્ત રહે છે
- પાણી પીધા પછી ગ્લાસ લૂંછીને મૂકવો, જેથી સમૂર્છિમ મનુષ્ય ઉત્પન્ન ન થાય.

## સાંજે પડિલેહણ વિધિ

- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુપડિપુન્ના પોરિસિ ? (ગુરુ-તહત્તિ) ઇચ્છં
  ખમા. ઇરિયાવહિયં - તસ્સ ઉત્તરી - અન્નત્થ - ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ - પ્રગટ લોગસ્સ
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પડિલેહણ કરું ? ઇચ્છં


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પૌષધ શાલા પ્રમાર્જું ? ઇચ્છં (સવારની જેમ પાંચ વાના કરવા. પરંતુ ઉપવાસવાલા ત્રણ વાના કરવા (૧) મુહપત્તિ (૨) ચરવલો (૩) કટાસણું)
- ખમા. ઇરિયાવહિયં તસ્સ, અન્નથ, ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ – પ્રગટ લોગસ્સ
- ખમા. ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી ઇચ્છં (સ્થાપનાચાર્યજીનું પડિલેહણ કરીને વડીલનું વસ્ત્ર/ખેસ પડિલેહણ કરવો.)
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરું ? ઇચ્છં નવકાર–મન્નહજિણાણં–બે વાંદણા (ઉપવાસવાળાએ વાંદણા ન આપવા પણ ખમાસમણુ આપવું)
- ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી. (પાણી ન વાપરવું હોય તેને પાણાહાર લેવું, કારણે પાણી વાપરવું હોય તો મુટ્ઠિસીનું પચ્ચક્ખાણ લેવું.)
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઉપધિ પડિલેહું ? ઇચ્છં (બાકી બધી ઉપધિ પડિલેહણ કરી કાજો લેવો.)

–સાંજના દેવવંદન કરી–ગુરુવંદન કરી – રાત્રિ પૌષાર્થી માંડલા વિધિ કરે

## પાણાહાર પચ્ચક્ખાણ

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખામિ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં; સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## માંડલા વિધિ

ખમા. ઇરિયાવહિયં – તસ્સ – અન્નત્થ – ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ – પ્રગટ લોગસ્સ

ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સ્થંડિલ પડિલેહું ? ઇચ્છં

ક્રમશઃ ચારે દિશામાં ચરવલો રાખી ક્રમશઃ ચાર ગ્રુપ બોલવા

ગ્રુપ 1
૧. આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૨. આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.
૩. આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૪. આઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.
૫. આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૬. આઘાડે દૂરે પાસવણે અણહિયાસે

ગ્રુપ 2
૭. આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૮. આઘાડે આસન્ને પાસવણે અહિયાસે.
૯. આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૧૦. આઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.
૧૧. આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૧૨. આઘાડે દૂરે પાસવણે અહિયાસે.

ગ્રુપ 3
૧૩. અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે
૧૪. અણાઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.
૧૫. અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૧૬. અણાઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.
૧૭. અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૧૮. અણાઘાડે દૂરે પાસવણે અણહિયાસે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રુપ 4 ૧૯. અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.

૨૦. અણાઘાડે આસન્ને પાસવણે અહિયાસે.

૨૧. અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

૨૨. અણાઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.

૨૩. અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.

૨૪. અણાઘાડે દૂરે પાસવણે અહિયાસે.

♦ માંડલા કર્યા પછી દેવસિ પ્રતિક્રમણ કરવું

## સંથારા પોરિસિ વિધિ

♦ ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુપડિપુણ્ણા પોરિસિ (ગુરુ-તહત્તિ) ઇચ્છં

♦ ખમા. ઇરિયાવહિયં-તસ્સ-અન્નત્થ - ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ - પ્રગટ લોગસ્સ

♦ ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બહુપડિપુન્ના પોરિસિ રાઈઅ સંથારએ ઠામિ ? ઇચ્છં

ચઉક્કસાય-પડિમલ્લુલ્લૂરણુ,
દુજ્જયમયણ બાણ મુસુમૂરણુ,
સરસ પિયંગુ વન્નુ ગય ગામિઉ,
જયઉ પાસુ ભુવણત્તય સામિઉ ॥૧॥
જસુ તણુ કંતિ કડપ્પ સિણિદ્ધઉ,
સોહઈ ફણિમણિ કિરણા લિદ્ધઉ
નં નવ-જલહર તડિલ્લય લંછિઉ,
સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

♦ નમુત્થણં થી જયવીયરાય સુધી પેજ નં. ૭૭-૮૦)

♦ ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સંથારા પોરસિ વિધિ ભણાવવા મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં (મુહપત્તિ પડિલેહણ)

નિસીહિ...નિસીહિ...નિસીહિ

નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં

નવકાર + કરેમિ ભંતે

(ઉપરોક્ત ત્રણ વાર બોલ્યા પછી)

અણુજાણહ જિટ્ઠિજ્જા, અણુજાણહ પરમગુરુ,
ગુરુગુણરયણેહિં મંડિયસરીરા !
બહુપડિપુણ્ણા પોરસિ રાઇય સંથારએ ઠામિ ॥૧॥
અણુજાણહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં,
કુક્કુડિયાં પાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં ॥૨॥
સંકોઇઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા
દવ્વાઇ ઉવઓગં, ઉસાસ નિરુંભણા લોએ ॥૩॥
જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહિસ્સિમાઇ રયણીએ
આહારમુવહિં દેહં સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥૪॥
ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં
સાહૂ મંગલં કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં ॥૫॥
ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો ॥૬॥
ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ
કેવલીપણ્ણતં ધમ્મં સરણં પવજ્જામિ ॥૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણાઈવાયમલીયં ચૌરિક્કં મેહુણં દવિણમુચ્છં
કોહં માણં માયં લોભં પિજ્જં તહા દોસં ॥૮॥
કલહં અબ્ભક્ખાણં પેસુન્નં રઇ અરઈ સમાઉત્તં
પરપરિવાયં માયા મોસં મિચ્છત્તસલ્લં ચ ॥૯॥
વોસિરિસુ ઈમાઈ, મુક્ખમગ્ગ સંસગ્ગ વિગ્ઘભૂઆઈ
દુગ્ગઈ-નિબંધનાઈ, અટ્ઠારસ પાવઠાણાઈ ॥૧૦॥
એગોડહં નત્થિ મે કોઈ નાહમન્નસ્સ કસ્સઈ,
એવં અદીણ મણસો, અપ્પાણ મણુસાસઈ ॥૧૧॥
એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ,
સેસા મેં બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા ॥૧૨॥
સંજોગ મૂલા જીવેણ, પત્તા દુક્ખ પરંપરા
તમ્હા સંજોગ સમ્બન્ધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥૧૩॥
અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો
જિણપન્નત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં ॥૧૪॥
(ત્રણ વાર આ ગાથા બોલીને સાત નવકાર ગણવા)
ખમિઅ ખમાવિઅ મઈ ખમહ, સવ્વહ જીવનિકાય
સિદ્ધહ સાખા આલોયણહ, મુજ્ઝહ વઈર ન ભાવ ॥૧૫॥
સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝ વિ તેહ ખમંત ॥૧૬॥
જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં
જં જં કાએણ કયં મિચ્છામિ દુક્કડં તસ્સ ॥૧૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૌષધ પારવાની વિધિ

- ખમા. ઈરિયાવહિયં - તસ્સઉત્તરી - અન્નત્થ - ૧ લોગસ્સનો કાઉસગ્ગ - પ્રગટ લોગસ્સ
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહુપત્તિ પડિલેહું ? ઈચ્છં
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ પારું ? યથાશક્તિ
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ પાર્યું ? તહત્તિ
  નવકાર + પોસહ પારવાનું સૂત્ર
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પારું ? યથાશક્તિ
- ખમા. ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું ? તહત્તિ
  નવકાર + સામાયિક પારવાનું સૂત્ર
- વિશેષ : સવારે પોસહ પારતી વખતે ઉપરોક્ત વિધિ કરવી. સાંજે પૌષધ પારતી વખતે પ્રતિક્રમણ પછી ચઉક્કસાય થી જયવીયરાય સુધી કર્યા પછી પૌષધ પારવાની વિધિ કરવી.

## પૌષધ પારવાનું સૂત્ર

સાગરચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો
જેસિં પોસહ પડિમા, અખંડિઆ જીવિઅંતે વિ ॥૧॥
ધન્ના સલાહણિજ્જા, સુલસા આનંદ કામદેવા ય
જાસ પસંસઈ ભયવં, દઢવ્વયત્તં મહાવીરો ॥૨॥
પોસહ વિધિ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતા જે
કોઈ અવિધિ હુઓ હોય તે સવિ હું મન,
વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.
પોસહના અઢાર દોષમાંહે જે કોઈ દોષ લાગ્યો હોય તે
સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સામાયિક પારવાનું સૂત્ર

સામાઈય વય જુત્તો, જાવ મણે હોઈ નિયમ સંજુત્તો;
છિન્નઈ અસુહં કમ્મં, સામાઈય જત્તિયા વારા ॥૧॥
સામાઈયમ્મિ ઉં કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા;
એએણ કારણેણં, બહુસો સામાઈયં કુજ્જા
સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ
અવિધિ હુઈ હોય તે સવિ હું
મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં
દશ મનના, દશ વચનના, બાર કાયાના,
એ બત્રીસ દોષમાંહી જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ
હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

## કાઉસ્સગના ૧૯ દોષો

| | | |
|---|---|---|
| ૧ | ઘોટક | - ઘોડાની જેમ ૧ પગ વાંકો રાખે |
| ૨ | લતા | - વેલ લતાની જેમ શરીર હલાવે |
| ૩ | સ્તંભાદિ | - થાંભલા કે ભીંતનો આશરો લે |
| ૪ | માલ | - છત ઉપર માથું ટેકે |
| ૫ | ઉદ્ધી | - બળદગાડાની ઉદ્ધીની જેમ બંને પગ આગળ પાછળથી જોડેલા રાખે |
| ૬ | નિગડ | - બેડી બાંધેલા કૈદીની જેમ પગ પહોળા રાખે અથવા બાંધી રાખે |
| ૭ | શબરી | - ભીલડીની જેમ બંને હાથ ગુહ્યસ્થાનને ઢાંકી રાખે |
| ૮ | ખલિન | - ઘોડાની ચાબુકની જેમ હાથમાં ચરવળો રાખે |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૯ | વધુ | - વહુની જેમ શરમથી મોંઢુ નીચે રાખે. |
| ૧૦ | લંબુત્તર | - પ્રમાણ વગર વસ્ત્ર (ચોલપટ્ટો) રાખે |
| ૧૧ | સ્તન | - મચ્છર ડંસના કારણે છાતી પર વસ્ત્ર ઢાંકે |
| ૧૨ | સંયતી | - સાધ્વીજીની જેમ શરીર ઉપર કપડો ઓઢી રાખે |
| ૧૩ | ભ્રમિતાંગુલી | - કાઉસ્સગમાં આંગલીના વેઢા પર ગણે |
| ૧૪ | વાયસ | - કાગડાની જેમ આંખના ડોળા ફેરવે |
| ૧૫ | કવિટ્ઠ | - કપડા મેલા થવાના ભયથી સમેટી રાખે |
| ૧૬ | શિર:કંપ | - માથુ હલાવે |
| ૧૭ | મૂક | - મુંગાની જેમ હું હું કરે |
| ૧૮ | વારણી | - બડ બડ કરે |
| ૧૯ | વાનર | - વાંદરાની જેમ ચારે બાજુ જો જો કરે. |

સાધ્વીજી ભગવંત માટે ૧૦ લંબુત્તર, ૧૧ સ્તન, ૧૨ સંયતી આ ત્રણ દોષ નથી.

શ્રાવિકા માટે - ૯ વધુ + લંબુત્તર + સ્તન + સંયતી આ ચાર દોષ નથી

## કામળી કાળ

| | | | | |
|---|---|---|---|---|
| ચોમાસામાં | - | છ ઘડી | = | ૨ કલાક ૨૪ મિનિટ |
| શિયાળામાં | - | ચાર ઘડી | = | ૧ કલાક ૩૬ મિનિટ |
| ઉનાળામાં | - | ૨ ઘડી | = | ૦ કલાક ૪૮ મિનિટ |

સૂર્યાસ્તની પહેલા છ ઘડી થી લઈને સવારે સૂર્યોદય પછીની છ ઘડી સુધી કામળી કાળ ચોમાસામાં હોય છે. એ રીતે શિયાળામાં ચાર ઘડી, ઉનાળામાં બે ઘડી ગણવું. કામળીકાળના સમયમાં ખુલ્લામાં જઈએ ત્યારે, અને લાઈટમાં જઈએ ત્યારે કામળી ઓઢીને જવું. કટાસણું ઓઢવાની પ્રથા બરાબર નથી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૌષધના ૧૮ દોષ

૧ પૌષધ વ્રત વગરના શ્રાવકનું પાણી વાપરવું
૨ પૌષધ નિમિત્તે સારો-સારો આહાર લેવો
૩ વિશેષ ભોજન બનાવડાવવું
૪ શરીરનો શ્રૃંગાર કરવો - એટલે કે મોઢુ ધોવું, વાળ સંવારવા, શરીર પર તેલ લગાવવું, પગ ધોવા ઈત્યાદિ
૫ કપડા ધોવા આપવા
૬ વસ્ત્ર રંગાવવા
૭ શરીરનો મેલ ઉતારવો
૮ દિવસે સુવું.
૯ વિજાતીય સ્ત્રી (કે પુરુષ) સંબંધી વાત કરવી.
૧૦ અલંકાર બનાવડાવવા
૧૧ આહારની પ્રશંસા કે દોષ બોલવા
૧૨ ગંદી અસભ્ય વાતો કરવી.
૧૩ સંધ્યા વખતે ભૂમિ જોયા વગર પરઠવવું
૧૪ નિંદા કરવી
૧૫ પૌષધ વગરના ગૃહસ્થો સાથે ફાલતું વાતો કરવી.
૧૬ ચોરની અથવા ચોરીની વાતો કરવી.
૧૭ સ્ત્રીયો (પુરુષો)ની સાથે વાતો કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધ્યાન રાખવા જેવું

૧ બધી ક્રિયા શુદ્ધ અને ઉભા ઉભા કરવી

૨ ચરવલાથી પૂંજવામાં વિશેષ ધ્યાન આપવું.

૩ મુહપત્તિ મોઢા આગળ રાખી બોલવું.

૪ ચરવલો બેસો ત્યારે ખોળામાં રાખવો, ઉભા થાઓ ત્યારે હાથમાં રાખવો, ચાલો ત્યારે ડાબી બાજુ બગલમાં રાખવો.

૫ રાત્રે ચાલતા દંડાસનનો ઉપયોગ કરવો.

૬ સચિત્ત માટી - કાચુ પાણી - વનસ્પતિ આદિનો સ્પર્શ નહીં કરવો,

૭ લાઇટ ચાલુ - બંધ ન કરવી.

૮ ધર્મ સિવાયના મેગેઝીન વાંચવા નહિં.

૯ પૌષધમાં જે ભૂલો થાય તેને નોંધી લખી પ્રાયશ્ચિત લેવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિરે
# શ્રી સૂરિમન્ત્રપૂજનના ઉછામણીના
## લાભાર્થી પરિવાર

શ્રી અશોકભાઈ શંકરલાલ શાહ - ઓપેરા સોસાયટી

શ્રી કલ્પેશભાઈ વી. શાહ - સેટેલાઈટ

શ્રી શારદાબેન જીવણલાલ ત્રિભુવનદાસ - જૈનનગર

શ્રી મોહનલાલ હજારીમલજી - બરલૂટ (રાજ)

શ્રી પીનલકુમાર રસીકલાલ - મુંબઈ (વડનગર)

શ્રી જેશીંગભાઈ કાલીદાસ વોરા - પંકજ સોસાયટી

શ્રી બાબુલાલજી ઝવેરચંદજી - બરલૂટ (રાજ)

શ્રી ગૌરાંગભાઈ કસ્તુરભાઈ- ઓપેરા સોસાયટી

વિ.સં.૨૦૬૬ આસો સુદ-૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં

૧૦૦

તસ્મૈ શ્રી ગુરવે નમઃ

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

૧૯૬૭ ૨૦૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org